## ચૂંટણી ચોતરેથી

● બેચરાજી બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર ભરતજી ઠાકોર સામે વધતો રોષ. ૧ હજારથી વધુ કાર્યકરો પ્રદેશ કોંગ્રેસ પહોંચી સચીન પાયલોટ સમક્ષ રજૂઆત કરી હતી.

● જામનગરના ઢેબા ગામે યોગી આદિત્યનાથની વિશાળ જાહેરસભા યોજાઈ.

● બનાસકાંઠાની નવ બેઠક પર ઠાકોર સમાજ ભાજપને હરાવવા એડીચોટીનું જોર લગાવશે.

● ગુજરાતની ચૂંટણીના પગલે રાજકારણમાં રસ વધ્યો છે. છેલ્લા એક મહિનામાં ૨૦ ટકાથી વધુ ટ્વીટ થયા છે.

● ચૂંટણી પંચની પરવાનગી ન હોવા છતાં હાર્દિક પટેલની જંગી જાહેરસભા યોજાઈ હતી.

● જીગ્નેશ મેવાણી વડગામના છાપી ગામે ૬ ડિસેમ્બરે ગુજરાત અસ્મિતાના નામે સભા યોજશે અને ગુજરાત મોડેલનો પર્દાફાશ કરશે.

● રાજકોટમાં 'હાર્દિક વિરોધ'ના બેનર લગાવાયા.

● આજે સચીન પાયલોટ રાજકોટમાં ચૂંટણી પ્રચાર કાર્યક્રમોમાં જોડાશે.

● મહેસાણા જિલ્લામાં કુલ ૪૨ ઉમેદવારીપત્રો રદ થયા.

● ખેરાલુમાં એનસીપીના ઉમેદવારનું ઉમેદવારીપત્ર રદ થયુ.

# મહામુકાબલો... મોદી - રાહુલ બંને સૌરાષ્ટ્રમાં

## સૌરાષ્ટ્રમાં જામતો ચૂંટણીનો રંગ : પહેલીવાર બંને કટ્ટર હરીફો એક જ જિલ્લામાં : બંને પક્ષોના મોભીઓની સભાઓ વચ્ચે માત્ર ૪૦ કિમીનું અંતર : પાટીદારોને રીઝવવા બંને નેતાઓના પ્રયાસો

આજે બુધવારે પહેલીવાર એવું બનશે કે ચૂંટણી પ્રચાર માટે બંને વિરોધ પક્ષના એક સાથે જ રાજય જ નહીં પરંતુ એક જ જિલ્લામાં હશે. જયારથી ગુજરાતમાં ચૂંટણી જાહેર થઈ છે કોંગ્રેસના રાહુલ ગાંધી અને ભાજપના નરેન્દ્રભાઈની ગુજરાત મુલાકાતો શરૂ થઈ ગઈ છે. જોકે બંને વિરોધી નેતાઓ પોતાની પ્રચાર સભા માટે કયારેય એક સમયે રાજયમાં રહ્યા નથી. પરંતુ રાહુલ ગાંધી સૌરાષ્ટ્રમાં પ્રચાર માટે ૨ દિવસીય ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તો પીએમ મોદી તેમના સૌરાષ્ટ્ર પ્રચારના છેલ્લા તબક્કામાં છે.

વધુ રસપ્રદ બાબત તો એ છે કે બંને નેતા થોડા કલાકો માટે ગીર-સોમનાથ જિલ્લામાં



રહેવાના છે. ગીર-સોમનાથ જિલ્લાના ભાજપના પ્રમુખ ઝવેર ઠકરારે સ્પષ્ટતા કરતા કહ્યું કે બંને નેતાઓના સભા સ્થળ વચ્ચે ૪૦ કિમીનું અંતર છે. જે જોતા કોઈપણ સ્થળે તેમના ભેગા થવાનો કોઈ પ્રશ્ન જ નથી. તેમજ શું રાહુલ સોમનાથ મંદિરમાં જવાના છે એટલા માટે મોદી મુલાકાત નહીં લે તેમ પુછવામાં આવતા તેમને કહ્યું કે, 'રાહુલ ગાંધીની મુલાકાતથી કોઈ ફરક નથી પડતો. અમારી પાસે તેમનો જે પ્રોગ્રામ આવ્યો છે. તે મુજબ તેઓ મોરબીથી સીધા જ અહીં આવી રહ્યા છે જેથી મંદિરની મુલાકાત નથી.'

૨૭ નવેમ્બરના રોજ નરેન્દ્રભાઈએ ચાર જિલ્લામાં સભા કરી હતી. જેમાં કચ્છમાં ભુજ, રાજકોટમાં જસદણ, અમરેલીમાં ધારી અને સુરતમાં કામરેજ ખાતે મહાસભાઓ યોજી હતી. મોદીએ આ ત્રણ દિવસીય પ્રચાર સભાઓમાં ૩૮ જેટલા વિધાસભા ક્ષેત્રોમાં પ્રચાર કર્યો છે. જેમાંથી મોટાભાગના વિધાનસભા ક્ષેત્રો પાટીદાર પ્રભુત્વ ધરાવે છે. જેમાં આ પહેલા ૨૦૧૨માં ભાજપ ૩૮ પૈકી ૩૧ પર વિજયી નીવડ્યું હતું.

બુધવારે તેઓએ ૪ મહાસભા દ્વારા બીજા ૨૪ જેટલા વિધાનસભા ક્ષેત્રોને આવરી લીધા હતા. જયારે બીજી તરફ રાહુલ ગાંધીએ અમરેલી ખાતે મહાસભાને સંબોધીત કરતા પહેલા જુનાગઢના વિસાવદર અને અમરેલીના સાવરકુંડલા ખાતેથી સ્થાનિકો સાથે ચર્ચા સભા કરી હતી. રાહુલ આજે ગુરુવારથી લાઠીથી પોતાની રેલી શરુ કરશે જે અમરેલીના ઢસાથી ગઢડા, બરવાળા અને વલ્લભીપુર સુધી પહોંચશે. જે બાદ બોટાદ ખાતે તેઓ જાહેર




સભાને સંબોધીત કરશે અને પોતાની મુલાકાત ભાવનગરની નરી ચોકીડ ખાતે ચર્ચા સભામાં ભાગ લઈને પૂર્ણ કરશે.

મોદી અને રાહુલ બંને માટે પાટીદારોના વર્ચસ્વ ધરાવતા સૌરાષ્ટ્રમાં પક્ષને જીતાવવો ખૂબ જરૂરી છે. તો ગીર-સોમનાથ જીલ્લામાં કોળી સમાજની વસ્તી વધુ છે જે મોટાભાગના માછીમારી અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે.

## રાહુલે ટ્વિટ કરીને મોદી પાસેથી માંગ્યો ૨૨ વર્ષનો હિસાબ!

રાહુલ ગાંધી આજે ગુજરાતની મુલાકાત છે ત્યારે તેમણે મોદીને ટ્વિટ કરીને મોદી પાસેથી ગુજરાતના ૨૨ વર્ષનો હિસાબ માંગ્યો હતો. ટ્વિટર પર લખ્યું છે કે, '૨૨ વર્ષનો હિસાબ, ગુજરાત માંગી રહ્યું છે જવાબ. ૨૦૧૨માં વચન આપ્યું હતું કે, ૫૦ લાખ નવા ઘર બનશે. ૫ વર્ષમાં માત્ર ૪.૭૨ લાખ ઘર બન્યા. પ્રધાનમંત્રીજી અમને જણાવો કે શું આ વચન પુરું કરતા ૪૫ વર્ષ લાગશે?'

# ગુજરાતમાં કોંગ્રેસ દિવાસ્વપ્ન જુએ છે : પ્રધાનમંત્રી

ભાજપ તરફથી છેલ્લા ૨૨ વર્ષમાં પાણીનો પ્રશ્ન હલ કરવામાં આવ્યો તે વિશે વાત કરતાં પીએમ મોદીએ કોંગ્રેસ દિવા સ્વપ્નમાં રાચતી હોવાનું કહ્યું હતું. તેમણે ૨૨ વર્ષ પહેલાંના કોંગ્રેસના શાસનની ઠેકડી ઉડાડી હતી. તેને અનુલક્ષીને કોંગ્રેસ પર તેજાબી ચાબખા માર્યા હતા. તેમણે પાલિતાણામાં રાહુલ ગાંધીએ કરેલા ટ્વીટનો પણ જવાબ પણ આપ્યો હતો. તેમણે પૂર્વ વડાપ્રધાનો પર ચાબખા માર્યા હતા. રાહુલ ગાંધીને તેમના ટ્વીટનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે જે કામ કરે તેમને પરસેવો વળે. શું કહ્યું પીએમ મોદીએ, જાણો તેમના ભાષણના અંશો.

કચ્છમાં આશાપુરા માતાના દર્શન કરીને પ્રચારના શ્રીગણેશ કરનારા પીએમ મોદી બપોરે પાલિતાણા પહોંચ્યા હતા. ત્યાં તેમણે જનસભાને સંબોધી હતી. પાલીતાણામાં પીએમ મોદીએ લોકો



સાથે સંવાદ સાધતા કહ્યું હતું કે આજે મારા પ્રચારનો બીજો દિવસ છે. કોંગ્રેસના હાલ - બે હાલ થઈ જવાના છે. કોંગ્રેસમાં વંશવાદ, ભ્રષ્ટાચાર, પરિવારવાદ છે. ગુજરાતમાં જીતવાના સપના જોતાં કોંગ્રેસને ઉદ્દેશીને કહ્યું કે દેશને તબાહ કરનારા ગુજરાતમાં દિવાસ્વપ્ન જૂએ છે. વિકાસનાં મુદ્દે લડવાની કોંગ્રેસ હિંમત ખોઈ ચૂકી છે.

તેમણે ૨૨ વર્ષ પહેલાંના ગુજરાત વિશે વાત કરતાં કહ્યું કે પહેલાં એક પણ દિવસ એવો ન હોય હુલ્લડ ન થયા હોય. ૧૦માંથી ૭ રથયાત્રા એવી હોય જેનાં પર હુમલા થયા હોય. કોંગ્રેસનાં આશીર્વાદથી તોફાનો થતા હતા. ભાજપ સરકાર આવ્યા પછી તોફાનો બંધ થયા.

પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન તાકતા કહ્યું કે તમને સાપ સુંધી ગયો હતો કે વિકાસ ન કર્યો. કોંગ્રેસની લૂંટની દુકાનો બંધ કરી દીધી. ૨૨ વર્ષમાં અમે તમારી ભ્રષ્ટાચારની દુકાનો બંધ કરી દીધી. દેશની તિજોરી લોકોનાં ઘર ભરવા માટે નથી. કોંગ્રેસે આકાશ, પાતાળ, જમીન - દરિયામાં લૂંટ ચલાવી. ૨૦૧૪ પહેલાં અખબારોમાં ભ્રષ્ટાચારના સમાચાર આવતા રહેતા હતા. પહેલાં કેટલાં ગયાની તો હવે કેટલા આવ્યાની ચર્ચા ચાલે છે.

પીએમ મોદીએ જનતાને કહ્યું હતું કે તમારે તો પાંચેય આંગળીઓ ઘીમાં છે. અહિં પણ ભાજપની સરકાર અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર.

તેમણે પૂર્વ વડાપ્રધાનને નિશાને પર લેતા કહ્યું કે અલંગ એટલે શું પૂર્વે વડાપ્રધાનોને ખબર પણ નહી હોય. જાપાનની મદદથી અલંગ બંદરનો વિકાસ થયો. કોંગ્રેસનાં સાંસદો ગેસની કૂપનો કાળા બજારમાં વેચતા હતા. પહેલા ગેસ કનેક્શન માટે સાસંદોના ઘરના ચક્કર લગાવવા પડતા હતા. અમે ૧ વર્ષમાં ૩ કરોડ ગેસ કનેક્શન આપી દીધાં. જે તમે ૭૦ વર્ષમાં ન કર્યુ એ અમે ૧ વર્ષમાં કર્યુ.

# ત્રણ યુવા આંદોલનકારી ત્રિપુટીથી કોને ફાયદો થશે?

હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ મેવાણીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીથી રાજકારણમાં એન્ટ્રી કરવાની તક મળતા તેમણે લીધેલા નિર્ણયોને કારણે સમીકરણો બદલાઈ ગયા છે. તેમણે પોતાની



ઈમેજ કેમ બદલી તેની પાછળ અનેક કારણો હોઈ શકે છે, પરંતુ આનાથી કોંગ્રેસને વધારે લાભ થાય તેમ લાગી નથી રહ્યું. અલ્પેશ રાધનપુરમાં કોંગ્રેસની ટિકિટ પર ઈલેક્શન લડશે.


જિગ્નેશ વડગામથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. જિગ્નેશને કોંગ્રેસનું સંપૂર્ણ સમર્થન છે, કારણકે વડગામની સીટ પર કોંગ્રેસનો એક પણ ઉમેદવાર ઉભો કરવામાં નથી આવ્યો. ઉંમર ઓછી હોવાને કારણે હાર્દિક ઈલેક્શન લડી શકે તેમ નથી. પરંતુ તેણે કોંગ્રેસને સમર્થન આપવાના સંકેત ઘણાં સમય પહેલાથી જ આપી દીધા હતા. હવે આ રમતમાં સત્તાપક્ષ ભાજપનું કામ શરુ થઈ ગયુ છે. હાર્દિક અથવા અલ્પેશ પાસે કોંગ્રેસ માટે જે વોટ હતા, ભાજપ હવે તેમને પોતાની તરફ ખેંચવાના પ્રયત્નોમાં લાગી ગયો છે. ભાજપ લોકો સમક્ષ આ પ્રકારે વાત મુકે છે કે, બન્ને નેતાઓએ શરૂઆતમાં પોતાની ઈમેજ બનાવી હતી કે તે પર્સનલ એજન્ડા છોડીને પોતાના સમાજના હક માટે લડી રહ્યા છે. હવે આ બન્ને ચૂંટણીના સંગ્રામમાં કૂદી પડ્યા છે. જો પાટીદારોની વાત કરીએ તો પોતાના આક્રમક વલણથી તેમણે કોંગ્રેસના અમુક ઉમેદવારો બદલાવ્યા છે, પરંતુ કોંગ્રેસના કાર્યકર્તાઓ આનાથી ઘણાં નારાજ છે.

કોંગ્રેસના અમુક કાર્યકર્તાઓ પાટીદાર ઉમેદવારો માટે કામ કરવા તૈયાર નથી. ગ્રાઉન્ડ લેવલ પર કોંગ્રેસ માટે કામ કરનારા કાર્યકર્તાઓનો ઉત્સાહ ઓછો થઈ ગયો છે. જિગ્નેશ મેવાણી પાસે હાર્દિક અને અલ્પેશ જેટલો વ્યાપક જનાધાર તો નથી, પણ પોતાની કમ્યૂનિકેશન સ્કિલ્સને કારણે તે જનતામાં ઘણો લોકપ્રિય છે. હવે વડગામના લોકો પણ મેવાણીને બહારની વ્યક્તિની જેમ જુએ છે, જેનાથી ભાજપને ફાયદો થઈ શકે છે.

# સોમનાથમાં રાહુલે બિન હિંદુ તરીકે નોંધ કરાવતા ભાજપને ભાવતું મળ્યું

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે સોમનાથ મંદિર ખાતે મહાદેવના દર્શન કર્યા હતા. અને તે પછી તેમણે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસના પ્રચાર અર્થે નવસર્જન યાત્રાની શરૂઆત કરી હતી. પણ સોમનાથ મંદિરમાં દર્શન કરવાની સાથે જ રાહુલ ગાંધી એક અલગ જ પ્રકારના વિવાદમાં સપડાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે સોમનાથ મંદિરના નિયમ મુજબ બિન હિંદુઓને મંદિરમાં દર્શન કરતા પહેલા રજીસ્ટર કરી સહી કરવી પડે છે. ત્યારે આવા જ મંદિરના રજિસ્ટમાં રાહુલ ગાંધી અને અહેમદ પટેલે બિન હિંદુ તરીકે રજીસ્ટર કરાવતા ભાજપે આ અંગે ટિપ્પણી કરવાની શરૂઆત કરી દીધી છે.

ભાજપે તેના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર જણાવ્યું છે આખરે રાહુલ ગાંધીએ સોમનાથ મહાદેવ




સમક્ષ પોતાનો ધર્મ જાહેર કર્યો. (નિયમ મુજબ) બિન હિંદુઓ માટેના રજીસ્ટરમાં સહી કરી. હિંદુ ધર્મ પાળવો તો દૂર, જો તેમને હિંદુ ધર્મમાં આસ્થા પણ નથી તો મંદિરે-મંદિરે ફરીને લોકોને મૂર્ખ કેમ બનાવે છે? જો કે પાછળથી તેણે આ ટ્વિટ હટાવ્યું હતું. પણ ભાજપના અમિત માલવિયાએ તેમના ટ્વિટમાં આમ કહીને કોંગ્રેસ અને રાહુલને સવાલો કર્યા હતા.

# 'કહાં ગયે વો વાદે': યુપીએના ૧૫ લાખ કરોડના કૌભાંડો સામે NDA એકશન મોડમાં કેમ નથી!

## ભારતની હકીકત એ છે કે મોંઘવારી નડતી નથી તેવા પાંચ કરોડ લોકો છે : ૮૫ કરોડ ગરીબીમાં જીવે છે, ૩૦ કરોડ લોકો પર ટેક્સનું ભારણ સૌથી મોટું છે : શાસન કરવું અને શાસન પર આક્ષેપો કરવા બન્ને અલગ અલગ બાબત છે

કેન્દ્રમાં યુપીએ-૨ની સરકારમાં ૧૫ લાખ કરોડના કૌભાંડો થયા છે તેવા આક્ષેપો લોકસભાની ચૂંટણી સમયે થયા હતા અને એવા વાયદા કર્યા હતા કે કૌભાંડો કરનારા રાજનેતાઓને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવશે. ભાજપના આ વાયદા ક્યાં ગયા. શાસનના ત્રણ વર્ષના સમયમાં ૧૦ હજાર કરોડના કૌભાંડો સામે પણ કોઈ મજબૂત એકશન લેવાયું નથી. કહેવાય છે કે રાજકારણમાં ચાવવાના અને બતાવવાના જુદા હોય છે. જો કૌભાંડો છે તો તેની સજા પણ હોઈ શકે છે પરંતુ કોલગેટ અને ટુજી સિવાયના અન્ય કૌભાંડોમાં કોઈ પ્રક્રિયા પણ શરૂ થઈ નથી.

'કોંગ્રેસના શાસનમાં એક પછી એક કૌભાંડોની હારમાળાએ ભારત દેશની પ્રજાના બૂરા હાલ કર્યા છે. કોંગ્રેસી નેતાઓના ૧૦૦ દિવસમાં મોંઘવારી દૂર કરવાના વચનો પોકળ સાબિત થયા છે. ભારત દેશનો વિકાસ કરવાની જગ્યાએ આકાશ, જમીન અને પાતાળ એમ ત્રણેય લોકમાં કોંગ્રેસે કૌભાંડો કર્યા છે. નબળી વિદેશ નિતીના કારણે આપણા પાડોશી દેશોને ભારતનો જરાય ડર રહ્યો નથી.' ચૂંટણી સમયે જાહેર સભાઓમાં આવા બધા આક્ષેપો થયા હતા.

ભારતમાં જેમને મોંઘવારી નડતી નથી તેવી સંખ્યા પાંચ કરોડ છે. મધ્યમવર્ગના લોકો કે જેમને મોંઘવારી નડે છે તેની સંખ્યા ૩૦ કરોડ છે જ્યારે ૮૫ કરોડ લોકો ગરીબી અને દારૂણતામાં જીવે છે. કેન્દ્ર સરકારને બહોળા સમુદાયની લેશમાત્ર દયા આવતી નથી. ભારતના વિકાસમાં રાજ્યોનું યોગદાન મહત્વનું પરિબળ હોય છે. રાજ્યો સમૃદ્ધ હશે તો દેશ સમૃદ્ધ બનશે અને જો દેશ સમૃદ્ધ હશે તો સમગ્ર વિશ્વમાં તેની પહેચાન બનશે. દેશને મહાસત્તા બનાવવા રાજ્યોને સમૃદ્ધ બનાવવા જરૂરી છે. ક્યા રાજ્યમાં કોની સરકાર છે તે મહત્વનું નથી. પ્રજાએ જે પાર્ટીને શાસન કરવાનો ચૂકાદો આપ્યો છે તેને બિન રાજકીયરીતે આર્થિક મદદ કરવી તે ભારત સરકારની ફરજ બને છે.

આજના સમયમાં કોઈ રાજ્યની શક્તિઓને ઓછી આંકી શકાય નહીં, જાણે-અજાણે લોકોને વિકાસથી વંચિત રાખી શકાય નહીં. અન્યાયની લાગણી હવે કોઈ રાજ્ય સાંખી શકે તેમ નથી. પ્રત્યેકને વિકાસની ભૂખ જાગી છે. આજે ઉદ્યોગપતિ થી ફેરિયા અને કરોડપતિ થી રોડપતિ સૌ ત્રસ્ત છે. ચૂંટણી સમયે ભાવ સ્થિર રાખી ચૂંટણી પછી ભાવવધારો મંજૂર કરવાના નાટક કોંગ્રેસના શાસનકર્તાઓ જ નહીં પણ ભાજપના શાસનકર્તાઓ પણ કરી શકે છે અને દેશની પ્રજાને છેતરે છે.




પરિવારવાદમાં ફસાયેલી કોંગ્રેસ ભારતના રાજયોમાં મુખ્યમંત્રીના ઉમેદવાર ઘોષિત કરી શકતી નથી. ગુજરાતમાં છેલ્લે ૧૯૮૫સુધી કોંગ્રેસની સત્તા હતી, ત્યારબાદ એકલાહાથે કોંગ્રેસ ક્યારેય સત્તા ઉપર આવી નથી. આજે તો કોંગ્રેસ હોય કે ભાજપ- અન્ય પાર્ટીની સરકારોના રાજકીય નેતાઓને સીબીઆઈનો ડર આપી એક સ્વતંત્ર એજન્સીને રાજકીય વેર વાળવાનું મશીન બનાવી દેવામાં આવી છે. હવે તો ઈડી, ઈન્કમટેક્સ અને અન્ય એજન્સીઓનો ડર બતાવી વેરની વસૂલાત થાય છે.

નવ વર્ષમાં યુપીએ સરકારમાં ૧૫ લાખ કરોડના કૌભાંડો થયા છે. પ્રધાનમંડળના ૧૩ મંત્રીઓ સામે ભ્રષ્ટાચારના આરોપ મૂકવામાં આવ્યા હતા અને ચાર રેલ્વેમંત્રી અને બે ગૃહમંત્રી બદલાઈ ચૂક્યા હતા. છ મંત્રીઓએ કૌભાંડોને લઈને રાજીનામા આપવા પડ્યા હતા. કોલસાની ખાણોના વિતરણનું કૌભાંડ બહાર આવતા વડાપ્રધાન પણ શંકાના દાયરામાં છે અને વારંવાર તેમની પૂછપરછ પણ કરવામાં આવે છે. કોલગેટ અને ટુજી કૌભાંડમાં એકમાત્ર પ્રોસેસ ચાલી રહી છે પરંતુ તેના જેવા બીજા કૌભાંડોમાં હજી તપાસ શરૂ થઈ નથી. કોંગ્રેસના શાસનમાં આપણી આર્મીની ત્રણેય પાંખો મિલિટરી, નેવી અને એરફોર્સ ઉપર કૌભાંડોની કાળી ટીલી લાગી છે. લશ્કર માટે શસ્ત્રો ખરીદવામાં ગોટાળા કર્યા છે. આર્મીનું પહેલું કૌભાંડ જીપ ખરીદીનું હતું અને છેલ્લે હેલીકોપ્ટરની ખરીદીનું આવ્યું છે. ઈટાલી સરકારની ૩૦ ટકા ભાગીદારી ધરાવતી કંપની પાસેથી ૩૬૦૦ કરોડના હેલિકોપ્ટર લેવામાં આવ્યા હતા જેમાં ૩૦૦ કરોડની ખાયકી થઈ છે.

ગવર્નમેન્ટ એન્ટીકરપ્શન ઈન્ડેક્ષના એક અહેવાલમાં જણાવ્યા પ્રમાણે દુનિયાના કુલ દેશોમાં ૩૬ ટકા દેશોમાં સંરક્ષણના સોદાઓમાં ભ્રષ્ટાચારની સૌથી વધુ શક્યતાઓ રહેલી છે જેમાં ભારતનું નામ મોખરે છે. બીજી એક હકીકત એ પણ છે કે ભારતની ક્ષમતા હોવા છતાં હથિયારોનું ઉત્પાદન કરાતું નથી અને હથિયાર બનાવતી કંપનીઓને કોઈ પ્રકારનું પ્રોત્સાહન અપાતું નથી, તેનું કારણ પણ એ જ છે કે વિદેશી કંપની પાસેથી લાંચની તગડી રકમ મળે છે. સેના માટે ૭૦ ટકા મિલિટરી હાર્ડવેર વિદેશથી ખરીદવામાં આવે છે, દરેક ખરીદી માટે ઈન્ટરનેશનલ ટેન્ડર બહાર પડે છે અને અમુક દેશોની તો સરકાર પણ તેના દેશની કંપનીને હથિયારનો ઓર્ડર મળે તે માટે દરમિયાનગીરી કરે છે. કમનસીબી તો જુઓ, સરહદ પર શહીદી વહોરતા આપણા જવાનો માટે કોફિન પણ વિદેશથી મંગાવવામાં આવે છે.

યુપીએના શાસનમાં ઝડપથી નિર્ણય લેવાની શક્તિ ન હોવાથી દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓએ માઝા મૂકી હતી. પૂર્વોત્તર સહિતના રાજ્યોમાં નકસલવાદે માથું ઉચક્યું હતું. રાજ્યો-રાજ્યો વચ્ચે સંવાદિતાનો અભાવ સર્જાયો હતો. બિન કોંગ્રેસી સરકારોને એનકેન પ્રકારે હેરાન કરવામાં આવતી હતી. હવે એનડીએ સરકારમાં પણ બિન ભાજપી સરકારોને હેરાન કરવામાં આવે છે. નકસલવાદ ખતમ થતો નથી. રાજ્યો વચ્ચે વૈમનસ્યની ખાઈ ઉભી થઈ રહી છે. રાજ્યો વચ્ચે તંદુરસ્ત નહીં પણ ખરાબ સ્પર્ધાઓ શરૂ થઈ છે. દિલ્હીમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે દેશના ૧૨ લાખ કરોડના બજેટ કરતાં પણ વધુ કૌભાંડો થયા હતા. મોટા કૌભાંડોની સંખ્યા ૫૦થી વધારે થવા જાય છે. યુપીએ-૧ કરતાં યુપીએ-૨માં સૌથી વધુ કૌભાંડો બહાર આવ્યા છે છતાં એનડીએની સરકાર પગલાં લેવામાં ઢિલી નિતી અખત્યાર કરી રહી છે.

છ મોટા કૌભાંડઃ ● કોમનવેલ્થ ગેઈમનું ૭૦,૦૦૦ કરોડનું કૌભાંડ ● ટુજી સ્પેક્ટ્રમનું ૧,૭૬,૦૦૦ કરોડનું કૌભાંડ ● કોલસા બ્લોકની દલાલીમાં હાથ કાળા, ૧,૮૬,૦૦૦ કરોડનું કૌભાંડ ● સિવિલ એવિયેશનના ચોપરડીલમાં ૮૮,૩૩૭ કરોડનું કૌભાંડ ● અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટનું ૨૯,૩૩૩ કરોડનું કૌભાંડ ● વાસી અન્નનું ૫૮૦૦૦ કરોડનું કૌભાંડ

સોશ્યલ સાઈટ ઉપર જરા નજર કરીએ તો ખ્યાલ આવે છે કે ભારતના નાગરિકોને કોંગ્રેસ શાસિત યુપીએ સરકાર ઉપર આજેપણ નફરતની લાગણી કેવી છે. હવે તો આ વિરોધનો વંટોળ એનડીએ સરકારમાં પણ ઉભો થઈ રહ્યો છે. જીએસટી, નોટબંધી અને મોંઘવારી એ ત્રણ બાબતો એનડીએની પણ દેન છે. જીએસટીના કારણે વેપારી વર્ગ અને એન્ડ યુઝર્સ નારાજ છે. નોટબંધીથી આખો દેશ નારાજ હતો. મોંઘવારીના કારણે તો લોકોની કેડ ભાંગી નાંખી છે. પેટ્રોલ અને ડિઝલના દામ લોકોને દઝાડે છે.

શાસન કરવું અને શાસન પર આક્ષેપો કરવા બન્ને અલગ અલગ બાબત છે. જ્યારે પગ નીચે રેલો આવે ત્યારે શાસન કેવી રીતે થાય છે તેનો ખ્યાલ આવે છે. જો કે એક બાબત નિશ્ચિત છે કે ભલે લોકોના ઘરમાં ખાવાના ફાંફા હોય, સરકારની તિજોરી છલોછલ ભરાઈ જશે તે નક્કી છે. સામાન્ય લોકો ટેક્સના ભારણ હેઠળ દબાઈ રહ્યાં છે ત્યારે સોશ્યલ મિડીયામાં એનડીએ શાસનની પણ ટીકાઓ વધી રહી છે.